સંપાદકીય

આતંકવાદનો ખતરો મની લોન્ડરિંગથી પણ વધુ ભયાનક

પુલવામા હુમલા પછી ભારતે પાકિસ્તાનને એકલું પાડવા અભિયાન આદર્યું છે. તેના ભાગરૂપે ભારતે પાકિસ્તાનને ફાયનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ (એફએટીએફ)ના બ્લેક લિસ્ટમાં મૂકવા દબાણ કર્યું હતું. એફએટીએફ આતંકવાદીઓને મળતું ભંડોળ રોકવા માટે કામ કરતું ૩૮ દેશોનું બનેલું સંગઠન છે. આ સંગઠન કોઈ પણ દેશને બ્લેક લિસ્ટમાં મૂકે તેનો અર્થ એ થાય કે, એ દેશને આંતરરાષ્ટ્રીય નાણાં સંસ્થાઓ કોઈ પણ પ્રકારની લોન કે આર્થિક સહાય ના આપે. વર્લ્ડ બેંક, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ, એશિયન ડેવલપમેન્ટ બેંક વગેરે તગડી અને માલદાર નાણાં સંસ્થાઓ એ દેશના નામ પર ચોકડી મારી દે. યુરોપિયન યુનિયન પણ તેની સાથે લેવડ દેવડ બંધ કરી દે ને તેના કારણે એ - પાકિસ્તાન દેશની આર્થિક હાલત પતલી થઈ જાય. પણ પાકિસ્તાન ઓલરેડી ગયા વરસના જૂન મહિનાથી એફએટીએફ સંગઠનના ગ્રે લિસ્ટમાં છે જ ને આવતા ઓક્ટોબર મહિના લગી ગ્રે લિસ્ટમાં જ રહેશે.

યુએસ, યુકે, કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઈટાલી અને જાપાન એ સાત દેશોનું ગ્રુપ જી સેવન તરીકે ઓળખાય છે. આ સાતેય દેશ દુનિયાના સૌથી માલદાર દેશોમાં સ્થાન પામે છે ને તેમણે ભેગા મળીને ૧૯૮૯માં એફએટીએફ બનાવેલું. એ વખતે જી સેવનના સાત દેશો ઉપરાંત બીજા ૯ દેશો મળીને કુલ ૧૬ દેશો તેના સભ્ય હતા ને પેરિસ તેનું હેડક્વાર્ટર હતું. મૂળ તો કાળાં નાણાંને ધોળાં કરવાનો કારોબાર એટલે કે મની લોન્ડરિંગને રોકવા આ સંગઠન બનાવાયેલું. પછી નવા નવા મુદ્દા આવતા ગયા ને તેમાં નવી નવી વાતો ઉમેરાતી ગઈ. આતંકવાદને પોષવા માટે મની લોન્ડરિંગના કારોબારનો ઉપયોગ થાય છે એ ધ્યાનમાં આવ્યું પછી ૨૦૦૧માં ટેરરિઝમ ફાયનાન્સિગનો પણ તેમાં ઉમેરો કરાયો. અમેરિકામાં થયેલા ૯/૧૧ના હુમલા પછી અમેરિકા સહિતના દેશોને ભાન થયું કે, દુનિયામાં આતંકવાદનો ખતરો મની લોન્ડરિંગથી પણ મોટો થઈ ગયો છે. અમેરિકાના પગ તળે રેલો આવ્યો એટલે પછી ટેરરિઝમ ફાયનાન્સિગ પર પણ આ સંગઠને નજર રાખવા માંડી. એ પછી જે દેશો આતંકવાદને રોકવામાં સહકાર ન આપે એવા દેશોને એકલા પાડી દેવા ને તેમને દુનિયામાં ક્યાંયથી આર્થિક સહાય ના મળે એવી હાલત કરી નાખવા માટે આ સંગઠન કામ કરવા માંડયું. જે દેશ સાવ જ ઉઘાડ કાઢીને બેસી જાય ને ગાંઠે જ નહીં તેને બ્લેક લિસ્ટમાં મૂકવાનું ચલણ શરૃ કર્યું. ઉત્તર કોરીયા ને ઈરાન એ બે દેશો અત્યારે બ્લેક લિસ્ટેડ છે. એ સિવાય જેમનો રેકોર્ડ શંકાસ્પદ હોય ને બીજા દેશો આક્ષેપ કરતા હોય તેમને ગ્રે લિસ્ટમાં મૂકાય છે. પાકિસ્તાન સામે ભારત સિવાય અફઘાનિસ્તાન સહિતના બીજા દેશો પણ આતંકવાદને પોષવાનું આળ મૂકી ચૂક્યા છે તેથી પાકિસ્તાન ગયા જૂન મહિનાથી ગ્રે લિસ્ટમાં છે. ભારતે પાકિસ્તાનને બ્લેક લિસ્ટેડ કરાવવા માટે કમર કસેલી ને આખું ડોઝિયર બનાવીને રજૂઆત કરેલી, પણ એફએટીએફના સભ્ય દેશોએ આપણી રજૂઆતને હાલ ગણકારી નથી.

પેટ્રોલ ડીઝલ ને પણ જીએસટીમાં લાવી દો કેમકે મોદીજી છે તો શક્ય છે.....!

ચૂંટણી નજીક આવતા જ વિરોધ પક્ષ ની જેમ કેન્દ્ર સરકારને લોકો ઉપર પ્રેમનો ઊભરો આવી ગયો છે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જી એ એક બટન દબાવતા જ જ એક કરોડ ખેડૂતોના ખાતામાં બે બે હજાર જમા થઈ ગયા લગભગ ૧૨ કરોડ ખેડૂતોના ખાતામાં એક જ સપ્તાહમાં ૨૫,૦૦૦ કરોડ આપવાનું કામ ચાલી રહ્યું છે બીજી તરફ જીએસટી કાઉન્સિલની બેઠકમાં એક નિર્ણય લઈને રિયલ એસ્ટેટને પ્રોત્સાહન આપવા માટે જીએસટીનાદરો કરવામાં આવ્યા વ્યાજબી ભાવના મકાનો પર જીએસટી હવે આ ટકા ઘટાડીને ફક્ત એક ટકો કરવામાં આવ્યો છે બિલ્ડરોના મકાનો જીએસટીના ઉંચા આદરને કારણે વેચાઈ રહ્યા ન હતા એટલા માટે તેને પ્રોત્સાહન આપવા જીએસટી ઓછા કરવામાં આવ્યા જાહેર છે કે આના કારણે જીએસટી ની આવક ઉપર અસર પડશે ગુજરાત અને તેના પછી જ્યાં જ્યાં વિધાનસભા ચૂંટણીઓ થઈ ત્યારે કેન્દ્ર સરકાર તરફથી તેઓ વાયદો કરવામાં આવ્યો હતો કે પેટ્રોલ અને ડીઝલ ને પણ જીએસટીના ડાયરામાં લાવીશું ચૂંટણીઓ પૂરી થઈ અને વાયદા હવાઈ ગયા એવુ ન થાય એટલા માટે નાણામંત્રી અરુણ જેટલી બધાને કંઈક ને કંઈક રાહત આપીને ખુશ કરી રહ્યા છે ત્યારે શુ પેટ્રોલ અને ડીઝલ ને જીએસટીના દાયરામાં લાવીને ૫ કે ૧૨% નથી કરી શકતા.....? આ શક્ય હવે કાંઈ નથી અશક્ય છે કે હતું તે હવે શક્ય છે કેમકે મોદીજી વડાપ્રધાન છે આ વાત અને આ દાવો ખુદ વડાપ્રધાને કર્યો છે કે મોદી છે તો શક્ય છે એટલા માટે નાણામંત્રી પદ ઉપર રહેતા જેટલીજીએ હવે એ વાતની ચિંતા કરવાની ન હોય કે જો પેટ્રોલ ડીઝલ ને જીએસટીના દાયરામાં લાવવા થી રાજ્યોની આવકમાં જે ઘટાડો થશે તે કેન્દ્ર સરકાર કેવી રીતે પૂરો કરશે પેટ્રોલ ડીઝલ ઉપર અલગ અલગ રાજ્યોમાં અલગ અલગ છે કેન્દ્ર સરકાર અને નફો કરતી ઓઈલ કંપનીઓ પોતાનો કાઢીને તમામ રાજ્ય સરકારો તેના ઉપર પોતાનો ટેક્સ લગાડે છે જેના કારણે સામાન્ય લોકો સુધી પહોંચતા પહોંચતા પેટ્રોલ ડીઝલ મોંઘું થઈ જાય છે અગર તેને જીએસટી ના દાયરા લાવે તો લોકોને હાલમાં જે ભાવથી પેટ્રોલ-ડીઝલ વિચારી રહ્યું છે તે ઘણું સસ્તુ થઇ જાય રાજ્ય સરકાર તેના ઉપર કોઈ ટેક્સ કે સેસ નહી લઇ શકે અને રાજ્યોને તેની આવકમાં જે ખોટ જશે તે કેન્દ્ર સરકાર આપશે કેટલી વાર સરકાર અને નાણા મંત્રાલયની તરફથી દેવામાં આવે છે કે પેટ્રોલ ડીઝલ ને જીએસટીના ડાયરામાં લાવવાનું સંભવ નથી કેમકે રાજ્યોને જે ખોટ થશે એટલા પૈસા સરકાર ક્યાંથી લાવશે.....? તમામ લોકો જોઇ રહ્યા છે કે ખેડૂતોને માટે ૭૫૦૦૦ કરોડનુ પ્રાવધાન થઇ શકે છે બીજી અન્ય યોજનાઓ માટે ઈંતજામ થઈ શકે છે તો પેટ્રોલ ડીઝલના વાપરનારાઓ ને રાહત આપવા માટે સાવધાન થઈ શકે છે કેમ કે મોદીજી છે તો શક્ય છે હવે મોદી જી મહેરબાની કરી હવે એવું ના કહેશો કે રાજ્યોને થનાર ખોટને પૂરી કરવાનુ કેન્દ્ર સરકારને માટે અશક્ય છે દેશ જાણે છે દેશના લોકોને તમારા ઉપર પૂરો વિશ્વાસ છે કે મોદી છે તો અશક્ય પણ શક્ય છે અત: જલ્દીથી જલ્દી જેટલી જી ને ફોન કરી ને સુચના આપો કે જીએસટી કાઉન્સિલની આગળની મિટિંગમાં ઠરાવ પસાર કરે કે પેટ્રોલ ડીઝલ ને જીએસટીના દાયરામાં લાભ અને દેશના કરોડો ઉપભોક્તાઓને રાહત આપે દેશને હવે અભિમાન છે કે મોદીજી છે તો અશક્ય પણ શક્ય છે.

Edi:Chunilal S. Bhatt, Printer & Pub. : Mayur C. Bhatt,
Place of Pub.: 201-2-8, Nandan Compllex,Opp. Mithakhali
Rly Crossing, Mithakhali, Ahmedabad-6 Place of Printing :
Mahadev Offset, H-47 Ravi Estate, Rustam Mill Compound,
Dudheshwar, Ahmedbada-4. Owner : Kalyani Pub. Pvt. Ltd.

કંટાળાનો કકળાટ

કોઈપણ બાબત પ્રત્યે વસ્તુલક્ષી કે વ્યક્તિલક્ષી અભિગમ આપણી વિચારપ્રક્રિયા અને આપણી અનુભૂતિને આકાર આપનાર મુખ્ય બાબત બની રહે છે. આજનાં આધુનીક યુગમાં સાયન્સ અને ટેકનોલોજીની હરણફાળને કારણે માણસ પણ મશીનની જેમ વર્તવા માંડ્યો છે. સવારથી માંડીને સાંજ સુધીમાં દરેક કામમાં ટેકનોલોજીનો આધાર લઈને કામ પુરા કરનાર માણસ પોતાની જાતથી જ ધીમે-ધીમે નિરાધાર બનવા માંડ્યો છે એવું નથી લાગતું ?

વિન્સેન્ટ વાન ગોગે એક ચિત્ર બનાવેલુ, જેમાં વૃક્ષો એમની સાધારણા ઊંચાઇને ઓળંગીને છેક ઊંચે આકાશે વાદળો વીંધીને તારલાઓને સ્પર્શતો હોય. આવુ ચિત્ર જોઇને એને પૂછવામાં આવેલું કે તમારા ચિત્રોમાં વૃક્ષો આમ ચાંદ-તારાને સ્પર્શતા હોય છે એનું શું કારણ? અમે તો કોઇ આવા વૃક્ષો જોયા નથી ! ત્યારે વિન્સેન્ટ વાન ગોગનો જે જવાબ હતો એ સમજવા જેવો છે. એણે કહ્યું કે, હું વૃક્ષોને જાણું છું, માણું છું, ઓળખું છું, પારખુ છું અને વૃક્ષો એ આ પૃથ્વીની મહત્વાકાંક્ષા છે. આકાશને મળવાની પૃથ્વીની ઈચ્છાને સમજું છું અને માટે મેં આવું ચિત્ર દોર્યુ છે. વાતને હજુ વધારે આગળ વધારીએ તો ગોગને સાંત્વના મળી રહે એ માટે એના ભાઈએ એક ખોટો ખરીદદાર મોકલ્યો. પેલો માણસ આવ્યો, એણે એક ચિત્ર ઉઠાવ્યુ અને ગોગને પૈસા આપ્યા. એ ચિત્રલઈને જતો હતો ત્યાં જ ગોગે એને અટકાવ્યો અને ચિત્ર પાછું મૂકી દેવા જણાવ્યું તેમજ પૈસા પણ પાછા આપી દીધા. ગોગ એક કલાકાર જીવ હતો. એના માટે એની કલા આબ્જેક્ટ ટુ સેલ નહોતી પરંતુ સબ્જેક્ટ ટુ સોલ હતી. પેલા ખરીદદારે કોઈ ચિત્ર ખાસ કંઇ જોવા-સમજવાની મથામણ કર્યા વગર જ ચિત્ર ખરીદી લીધુ એટલે ગોગ સમજી ગયો અને પોતાની કલાનું આવું ઓબ્જેક્ટીફીકેશન થાય એવું એને ન ગમ્યું, માટે પેલા માણસને પૈસા પણ પાછા આપી દીધા. એની કલા એના માટે સબ્જેક્ટિવ હતી. દિવસ-રાત ગોગ પોતાના ચિત્રોમાં વ્યસ્ત રહેતો. વળી આ ચિત્રો કોઇ ખરીદે કે ન ખરીદે એને કોઇ ફર્ક નહોતો પડતો. એ તો ચિત્રોનાં માધ્યમથી પોતાને વ્યક્ત કરતા રહેવાનો આનંદ માણતો હતો. પોતાના ચિત્રો વેચાતા નહોતા તો પણ આ પ્રવૃત્તિમાં એને કંટાળો ક્યારેય નહોતો આવતો. કોઇપણ બાબત પ્રત્યે વસ્તુલક્ષી કે વ્યક્તિલક્ષી અભિગમ આપણી વિચારપ્રક્રિયા અને આપણી અનુભૂતિને આકાર આપનાર મુખ્ય બાબત બની રહે છે. આજનાં આધુનીક યુગમાં સાયન્સ અને ટેકનોલોજીની હરણફાળને કારણે માણસ પણ મશીનની જેમ વર્તવા માંડ્યો છે. સવારથી માંડીને સાંજ સુધીમાં દરેક કામમાં ટેકનોલોજીનો આધાર લઇને કામ પુરા કરનાર માણસ પોતાની જાતથી જ ધીમે-ધીમે નિરાધાર બનવા માંડ્યો છે એવું નથી લાગતું ?

ઓશો રજનીશ આપણા અસ્તિત્વને જોવું, અનુભવવું અને હોવુ -સીઇંગ, ફીલીંગ અને બીઇંગ આ ત્રણ દ્રષ્ટિકોણ પ્રમાણે છે. આપણા ખુદના અસ્તિત્વને અને આસપાસ બનતી ઘટનાઓને માત્ર જોવી એ સાયન્સ છે, અનુભવવી એ આર્ટ છે અને એના હોવા વિશેની મથામણ કરવી એ રીલીજીઅન છે. ઓશોનો આવો વિચાર વિસ્તૃલક્ષી દ્રષ્ટીથી પ્રમાણે છે જેને આપણે બીજા શબ્દોમાં ઓબ્જેકિટવીટી કહીએ છીએ. વસ્તુ સાથેનો એક પ્રકારનો અલગવા રાખીને એને જોવી એ વિજ્ઞાનનું મુખ્ય લક્ષણ છે, પરિણામે ધીમે-ધીમે એ અલગાવવાદ આપણી અંદર પાંગરે છે. સરવાળે સંબંધો અને સંવેદનાને પણ એ લાગુ પડવા માંડે છે અને છેવટે આપણે સમાજથી અળગા થઇને રહી જઇએ છીએ. આ અળગાપણું અંતે એકલવાયાપણાને નોતરે છે અને આખરમાં એ કંટાળામાં પરિણામે છે. જીવન જ કંટાળા સ્વરૂપ લાગે છે આ સાયન્સની દેન છે. બીજી બાજુ કલા એવી વસ્તુ છે જે વિજ્ઞાનની માફક બાહ્ય રીતે નહી પરંતુ આંતરિકપણે આકાર લે છે. કોઈપણ કળાનું મૂળ કલાકારની અંતઃસ્ફુરણામાં રહેલું છે, અને છેટવટનું પરિણામ પણ કલા માણવાના માધ્યમથી થતી અનુભૂતિનાં સ્વરૂપમાં આવે છે.

વિજ્ઞાન અને કલાનો મુખ્ય ભેદ આ છે કે વિજ્ઞાન બહાર શું છે એ તપાસે છે અને કલા અંદર શું છે એ બતાવે છે. એક પુષ્પને જોવું એ વિજ્ઞાન છે અને પુષ્પ જોઇને કેવી લાગણી કે અનુભૂતિ થાય છે એ કલા છે. હવે ફરી કંટાળાની વાત પર આવીએ તો આખા દિવસમાં આપણે કેટલાં વૃક્ષો, ફુલો પાસેથી પસાર થઈએ છીએ એ તપાસી જુઓ. એ સમયે આપણે માત્ર અને જોઇએ છીએ કે કશુંક અનુભવીએ પણ છીએ ? આ પ્રશ્નનો જવાબ એટલે આપણા અસ્તિત્વ પ્રત્યેનો આપણો અભિગમ. સાયન્સ એ સૂક્કિભઠ્ઠ રીયાલીટી નો વિષય છે, જ્યારે આર્ટ એ ભીના-ભીના રોમાન્સ નો વિષય છે. હવે દિવસભર સૂક્કાભઠ્ઠનાં પક્ષમાં જ રહીએ તો ભીતરમાં પણ કોરૂંધાકાર જ રહેવાનું એમાં નવાઇ શી ? આવી કોરીધાકોર જીંદગીમાંથી કંટાળો ન ઉપજે તો બીજું ઉપજે પણ શું ? કંટાળો ધીમે-ધીમે કાંટાળો લાગવા માંડે ને એની પીડા પણ થાય. આવી પીડાની પળમાં આપણને આશરો આપે છે કલા. એટલે જ આર્ટ એટલે રોડ ફ્રોમ રીઆલીટી ટુ રોમાન્સ. હવે અહીં આર્ટ એટલે કવિતા, વાર્તા, નાટક, ચિત્ર, સંગીત, શિલ્પ કંઇ પણ હોઇ શકે. આ બધાનાં વ્યક્ત થવાનાં માધ્યમો ભલે જુદા હોય પણ ધ્યેય એક છે અને એ છે આનંદ. વિજ્ઞાનમાં સરવાળા-બાદબાકી હોય, તર્ક હોય, કારણ હોય - વગેરે જેવા સીમાડા નક્કિ હોય છે, જ્યારે કલા વધુ સ્વતંત્રતા આપનાર છે.

રેડ બુલ પેપર વિંગ્સ ૨૦૧૯ની ગાંધીનગર ક્વોલિફાયરમાં આર્શ ફેફર અને કુલદીપ બારોટની ઊંચી ઉડાણ

PAPER WINGS

ગાંધીનગર,

ડીએઆઈઆઈસીટી, ગાંધીનગરે ૪ વર્ષ પછી ભારતમાં સૌથી વિશાળ પેપર પ્લેન સ્પર્ધા રેડ બુલ પેપર વિંગ્સ ૨૦૧૯ની ૫મી આવૃત્તિનું પુનરાગમન નિહાળ્યું હતું. આ સ્પર્ધામાં કળાત્મક રીતે પેપરનાં વિમાન બનાવતા જોશીલા સહભાગીઓની ૧૦૦ સંખ્યા જોવા મળી હતી. વિજેતા બે શ્રેણીમાં નક્કી કરાયા હતા, જેમાં સૌથી લાંબું અતર, સૌથી લાંબો હવાઈ સમયનો સમાવેશ થતો હતો. આર્શ ફેફર અને કુલદીપ બારોટ લાંબું અંતર અને સૌથી લાંબો હવાઈ સમયની શ્રેણીમાં જીત્યા હતા, જેમને હવે એપ્રિલમાં નેશનલ ફાઈનલ્સમાં સ્પર્ધા કરવાનો રોમાંચક મોકો મળશે. સર્વ નેશનલ ફાઈનલ વિજેતાઓ તે પછી પ્રતીકાત્મક હેન્ગર-૭માં ઓસ્ટ્રિયામાં વર્લ્ડ ફાઈનલ ખાતે ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે આગળ જશે, જ્યાં વર્લ્ડ ચેમ્પિયન્સના તાજ માટે સ્પર્ધા થશે.

રેડબુલ પેપર પ્લેન વીંગ્સ વર્લ્ડ ચેમ્પિયનશીપ વિશ્વના ૬૧થી વધુ દેશોમાં યોજાઇ રહી છે, જેમાં દુનિયાભરની ૩૮૪થી વધુ યુનિવર્સિટીઓ અને શિક્ષણ સંસ્થાઓના વિદ્યાર્થીઓ ભાગ લઇ રહ્યા છે.

રેડ બુલ પેપર વિંગ્સ દુનિયાભરના વિદ્યાર્થીઓને ગ્લોબલ પેપર પ્લેન ચેમ્પિયનશિપ અને સૌથી વિશાળ રેડ બુલ સ્ટુડન્ટ પાર્ટિસિપેટરી ઈવેન્ટમાં ભાગ લેવા માટે આમંત્રણ આપે છે. આ વિચાર સાદો અને ઘરેલુ પણ છેઃ વિદ્યાર્થીઓએ કાગળમાંથી એવું વિમાન બનાવવાનું જે શક્ય તેટલું દૂર સુધી ઊડે અથવા કળાત્મક રીતે શક્ય તેટલું હવામાં ઊડે. (૨૨-૧)

ગલી બોયનું ગણિત પૂરું થાય તે પહેલાં જ 'ટોટલ ધમાલ' ફિલ્મના સારા આંકડા આવી ગયા !

ટોટલ ધમાલ' ખરેખર ધમાલ ફિલ્મ છે! અહીં ધમાલ શબ્દ હિન્દી અને ગુજરાતી બન્ને ભાષામાં લાગુ પડે છે! હિન્દીમાં એ 'ધમાલ' ફિલ્મની ત્રીજી આવૃત્તિ છે, અને ગુજરાતીમાં કહીએ તો એ ખરેખર ધમાલ ફિલ્મ છે!

"મૈં જાતા થા, તુ ખાતા થા..."
"તેરા સુખ હૈ, મેરી ભૂખ હૈ..."
"અપને કો કોઈ ફરક નહીં ગિરતા હૈ..."
"મેરે જૈસા શાણા લાલા, તુઝે ન મિલ પાયેગા..."

'ટોટલ ધમાલ' ! આ નવી ફિલ્મને પ્રથમ બે દિવસમાં ભવ્ય પ્રતિસાદ મળ્યો અને 'ટોટલ ધમાલ' એ સફળતાની કમાલ કરી છે! આજ વાત અને શબ્દો ફરીથી કહેવા પડશે કે 'ગલી બોય' ફિલ્મે પણ બોક્સ ઓફિસ પર 'ટોટલ ધમાલ' મચાવી દીધી છે! રણવીર સિંઘની 'સિમ્બા' ફિલ્મ સફળ થવા પહેલા તેની ફિલ્મના 'આંખ મારે...' જેવા ગીતો સફળ થયા તેમ 'ગલી બોય' ફિલ્મના ગીતો પણ સફળ થયા છે અને ફિલ્મ ફાઈનલી ૧૦૦ કરોડને પાર કરી ગઈ છે. તે રીતે શરૃઆતમાં કહ્યું તેમ "મેરે જૈસા શાણા લાલા, તુઝે ન મિલ પાયેગા..." જેવી ઓફબીટ ભાષાને પ્રેક્ષકોએ સલામ કરી છે! પણ આ વાતમાં 'ગલી બોય' ફિલ્મની સફળતાની સાચી ક્રેડિટ કોને આપવી?

આપણે જાણીએ છીએ કે રણવીર અને આલિયા, બન્ને પોતાના પ્રચાર માટે મોટી રકમનો ખર્ચ કરતા હોય છે અને એ વાતનો લાભ તેમને મળે છે. આલિયાની 'રાઝી' ફિલ્મની સફળતા બાદ પ્રેક્ષકોની તે પ્રિય અભિનેત્રી છે જ અને રણવીર પણ દીપિકા સાથે લગ્ન કરવા સાથે ચર્ચામાં છે. એટલે 'સિમ્બા' બાદ 'ગલી બોય'ની સફળતા માટે દીપિકાની રણવીરના જીવનમાં એન્ટ્રીને શુભ કહી શકાય! એ રીતે પ્રેક્ષકોએ ૨૦૧૯ના વર્ષનો આરંભ જ ખૂબ ખર્ચાળ કર્યો છે અને તેનો સીધો લાભ બોલીવુડને મળ્યો અને નવી ફિલ્મોએ 'ટોટલ ધમાલ' મચાવી દીધી છે! પ્રથમ 'ઉરી' (૨૦૦ કરોડ), 'ધ એક્સિડેન્ટલ પ્રાયમીનીસ્ટર' (૨૨ કરોડ), 'મણિકર્ણિકા' (૯૧ કરોડ), 'ઠાકરે' (૧૮ કરોડ), 'એક લડકી કો દેખા તો એસા લગા' (૨૦ કરોડ) ફિલ્મોને સારી આવક થઇ છે. આ સફળ યાદીમાં ૨૨ ફેબ્રુઆરીએ રજૂ થયેલ મલ્ટીસ્ટારર 'ટોટલ ધમાલ' ફિલ્મને તો બે દિવસમાં જ ૩૬ કરોડની આવક થઇ છે. એટલે 'ગલી બોય'નું ગણિત પૂરું થાય તે પહેલા જ 'ટોટલ ધમાલ' ફિલ્મના સારા આંકડા આવી ગયા છે.

'ટોટલ ધમાલ' ખરેખર ધમાલ ફિલ્મ છે! અહીં ધમાલ શબ્દ હિન્દી અને ગુજરાતી બન્ને ભાષામાં લાગુ પડે છે! હિન્દીમાં એ 'ધમાલ' ફિલ્મની ત્રીજી આવૃત્તિ છે, અને ગુજરાતીમાં કહીએ તો એ ખરેખર ધમાલ ફિલ્મ છે! હવે જો એ ફિલ્મ 'ટોટલ ધમાલ' માટે અનિલ - માધુરી જેવા સ્ટાર હા પાડતા હોય અને અજય દેવગન પણ જો એ ધમાલમાં જોડાવવા સહમત થાય તો સમજવાનું કે ફિલ્મ 'ટોટલ ધમાલ' જ છે! અત્યારે 'ગોલમાલ' અને 'હાઉસફુલ' ફિલ્મોની સિક્વલ સફળ છે અને એટલે જ પ્રેક્ષકો આવી દરેક કોમેડી સીરીઝને પસંદ કરતા હોઈ 'ટોટલ ધમાલ' ફિલ્મ માટે પણ પ્રેક્ષકો ઉત્સાહિત છે! અહી 'ધમાલ' ફિલ્મની મૂળ વાર્તાને જ વધુ સારી રીતે રજૂ કરાઈ છે! 'ધમાલ' ૨૦૦૭ અને 'ડબલ ધમાલ' ૨૦૧૧ના વર્ષમાં આવી હતી, એટલે લાંબા અંતરાલને કારણે આ ફિલ્મ 'ટોટલ ધમાલ' એક નવો જ ક્રેઝ ઉભો કરી શકી છે! આ વખતે આ જૂની 'ધમાલ' ફિલ્મોની સ્ટારકાસ્ટને યથાવત રાખી અજય, અનિલ અને માધુરીનું નવું આકર્ષણ ઉમેરવામાં આવ્યું છે! માત્ર આશિષ ચૌધરીની બાદબાકી કરાઈ છે!



'ટોટલ ધમાલ' ફિલ્મ સારી હોવાની વાતમાં પૈસા... નો રૂપિયા, નો કરોડો રૃપિયા શોધવાની એ જૂની વાર્તાનો નવો સ્ક્રિનપ્લે ખુબ આકર્ષક અને કોમેડી છે! તે વાતમાં ડાયલોગ ઉમેરાયા એટલે 'ટોટલ ધમાલ' ફિલ્મ જોનારા પ્રેક્ષકો નિરાશ થતા નથી! સ્ટાર પાવર અને મલ્ટીસ્ટારર ફિલ્મમાં સારા સંવાદ અને સ્ક્રિનપ્લે લખાઈ જાય એટલે નિર્દેશકની ભૂમિકા નહિવત થઇ જાય અને એ જ સ્થિતિ અહીં ગુજરાતી ઈન્દ્ર કુમારની છે. બાય ધ વે અહીં 'ટોટલ ધમાલ' ગુજરાતમાં ખાસ પસંદ કરાઈ રહી હોવાની વાતમાં મૂળ પંજાબી અને મુંબઈ રહેવાસી હિંદીભાષી અનિલ કપૂરને ગુજરાતી બોલતો જોઈ શકાય છે! આ ગુજરાતી પાત્ર ભજવીને અનિલ કપૂરે ગુજરાતી ચાહકોનું ઋણ ઉતાર્યું છે! પ્રેક્ષકો કહે છે કે હું તો ગુજરાતી અનિલ કપૂરને જોવા જાઉં છું પણ ખરેખર તે 'દિલ'થી માધુરીને ફરીથી જોઈ તેના 'બેટા' ફિલ્મના 'ધકધક કરને લગા...' ગીતને જ યાદ કરે છે! જેમ કે ગુજરાતીઓ દયાબેનને મહત્વના ગણે છે પણ ઈન્તેજાર તો દરેક જેઠાલાલને બબીતાજીનો જ હોય છે! માધુરીએ લાંબા સમય બાદ બૉલીવુડ ફિલ્મ કરી છે, અનિલ સાથે 'દિલ' અને 'બેટા' સહિત ૧૮ ફિલ્મો એકસાથે કરી હોઈ કોઈએ આ 'ટોટલ ધમાલ' ફિલ્મને મિસ કરવી ના જોઈએ! 'ટોટલ ધમાલ' ફિલ્મમાં દરેક પાત્રની એન્ટ્રી જોરદાર છે, અને સૌથી બેસ્ટ અજય દેવગન! એટલે ફિલ્મનો પ્રથમ હાફ જ પૈસા વસુલ છે! ફિલ્મના અન્ય કોમેડી દશ્યોમાં રેલવે ટનલમાં થતી ધમાલ, અનિલની હેલીકૉપ્ટર રાઈડ અને જેકી શ્રોફના અવાજમાં જીપીએસ ચાલવાના દશ્યો જોરદાર બન્યા છે. એટલે આ ધમાલ વચ્ચે વાર્તા આગળ ચાલતી નથી એવું લાગે પણ અંતે તો દરેકની દોડ એ ૫૦ કરોડની પેટી માટે છે અને અંતે ફિલ્મ 'ટોટલ ધમાલ' ત્રણ દિવસમાં જ ૫૦ કરોડથી વધુની કમાણી કરી ગઈ ! ફિલ્મની સારી વાતો અહીં પુરી નથી થતી, દરેક કલાકારના કપડાં, ડાન્સ અને સંવાદ બોલવાની અદાઓ પણ પૈસા વસુલ છે. તો 'પેસા યે પેસા...' ગીત વર્ષો પહેલા પણ સુપર હીટ હતું અને આજે પણ હીટ છે. 'મુગડા...' ગીતમાં સોનાક્ષી આકર્ષક લાગે છે, ત્યારે 'ટોટલ ધમાલ' ફિલ્મની મઝા એ છે કે ફિલ્મમાં જયારે છેલ્લી ખેંચાખેંચ ચાલતી હોય ત્યારે કોઈ ગીતની અડચણ રાખવામાં આવી નથી!

ગોડફ્રે ફિલિપ્સ ઈન્ડિયાને ફાર્મર કોમ્યુનિટી પ્રોગ્રામ માટે એવોર્ડ

8th Annual GREENTECH HR 2018
CSR
GODFREY PHILLIPS I LIMITED
NEW DELHI

અમદાવાદઃ ગોડફ્રે ફિલિપ્સ ઈન્ડિયા પોતાના ફાર્મર કોમ્યુનિટી પ્રોગ્રામ માટે ૬ઠો એન્યુઅલ ગ્રીનટેક સીએસઆર ગોલ્ડ એવોર્ડ ૨૦૧૮ જીત્યો.ગોડફ્રે ફિલિપ્સ ઈન્ડિયાને આંધ્ર પ્રદેશના ગંટુર જિલ્લામાં બર્લી ટોબેકો ફાર્મર્સ કોમ્યુનિટી પ્રોગ્રામ માટે ૬ઠા એન્યુઅલ ગ્રીનટેક સીએસઆર એવોર્ડ ૨૦૧૮ના ગોલ્ડ એવોર્ડ વિજેતા જાહેર કરાયા પ્રસ્તુત કરવામાં આવેલ આ પ્રતિષ્ઠિત એવોર્ડ પણજી,ગોડફ્રે ફિલિપ્સ ઈન્ડિયાના હેડ,સીએસઆર,સુશ્રી વૈશાલી ડે દ્વારા પ્રાપ્ત કરવામાં આવ્યો હાતો.

એવોર્ડ આંધ્ર પ્રદેશના ગંટુર જિલ્લામાં કોરાણે મૂકાયેલા, ગરીબ ખેડુતોના જીવન પરિવર્તનમાં કંપની સીએસઆર પહેલોના પ્રભાવને પિછાણે છે.કોરાણે ,મૂકાયેલ બર્લી ટોબેકા ફાર્મસ ૧થી૫ એકડની જમીન ધરાવવા સાથે દુકાળ અને સિંચાઇ માટેના પાણીના અભાવ સાથે સંઘર્ષરત છે જે તેઓને માત્ર એક જ પાક પકવવા દે છે.આને લીધે, ખેડુતો મોસમી રાજગાર,ઓછી આવકો,ભાવતાલની ઓછી ક્ષમતા,વધતા જેતાં દેવાં અને મજૂરીની કિંમતો ધટતી જવાના વલણના શિકંજામાં સપડાયેલા રહે છે.

તમાકુની ખેતી મારફત સારતત્વ રૂપ આજીવિકા ઉભી કરવાના હેતુ સાથે,સુરક્ષિત પાણી સુધીની પહોંચ પૂરી પાડવા,નિકાસ વ્યવસ્થા,આરોગ્ય અને સ્વચ્છતા માટેની જાગૃતતા કેળવવા અને પહોંચ પૂરી પાડવા,બાળ શિક્ષણને પ્રોત્સાહન અને બાળ મજૂરીની નાબૂદી દ્વારા જીવન ધોરણની સુધારણાનો છે. કાર્યક્રમ ખેડુતોના ફાર્મસ ડેવલપમેન્ટ સોસાયટીઝમાં અને પદ્ધતિઓ તથા પ્રોટોકોલ્સમાં સામુહિકરણનો સમાવેશ કરે છે અને રિવોલ્વિંગ ફંડ સપોર્ટ, એકસેસ ટુ કેડિટ,પાણી અમે જમીનની સાચવણી,સારી કૃષિ પદ્ધતિઓનું જ્ઞાન પુરુ પાડવા દ્વારા ખેડુતોના સમૂહને કો ઓપરેટિઝ તરીકે એકત્રીત કરવા સંસ્થાકીય વિકાસ માટે પદ્ધતિઓ વગેરે સાથે પરિચિત કરાવવાનો સમાવેશ કરે છે.૨,૦૦,૦૦૦ લાખ ઉપરાંત લાભાર્થી પ્રભાવિત છે. -

જિલ્લાના એક લાખ ખેડૂતોને જિ ૬૨.૫ કરોડની સહાય મળશે

ગાંધીનગર, પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ ગાંધીનગર જિલ્લામાં ૧.૪ લાખ ખેડૂતો લાભ લેવા માટે અરજી કરી ચૂક્યા છે. આ તમામ સિમાંત ખેડૂતોને રૂ.૬ હજાર લેખે પીએમ ૬૨.૫ કરોડની સહાય આગામી સમયમાં મળશે. પીએમ કિસાન નિધિ યોજનાનો વિધિવત આરંભ તા-૨૪મીને રવિવારે ઉત્તરપ્રદેશના ગોરખપુર ખાતેથી પ્રધાનમંત્રી દ્વારા કરવામાં આવશે. તેનું સીધુ પ્રસારણ દહેગામ તાલુકાના પાલૈયા ગામ ખાતે કરવા ખાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જિલ્લા ખેતીવાડી શાખાના જણાવ્યા અનુસાર પાલૈયા ખાતેના કાર્યક્રમના અધ્યક્ષસ્થાને પ્રદેશ અધ્યક્ષ જુતુભાઇ વાઘાણી અને યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડના ઉપાધ્યક્ષ ભાવનાબેન દવે અને ગાંધીનગર જિલ્લાના સાંસદ, ધારાસભ્યો કલેક્ટર એસ.કે લાંગા અને ડીડીઓ આર.આર રાવલ સહિત જિલ્લા વહીવટી તંત્ર હાજર રહેશે. પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનામાં અરજી કરવા માટે છેલ્લી તારીખ ૧૯મી ફેબ્રુઆરી જાહેર કરવામાં આવી હતી. તે દિવસ સુધીમાં જિલ્લાના ૯૦ હજાર સિમાંત ખેડૂતો અરજી કરી શક્યા હતાં. જેથી બાકાત રહેલા ખેડૂતોને તા.૨૬ સુધીમાં આવરી લેવા માટે વહિવટી તંત્ર દ્વારા તમામ તલાટીઓને તાકિદ કરવામાં આવી છે. જો કે ગાંધીનગર જિલ્લામાં સિમાંત ખેડૂતોની સંખ્યા અંદાજે ૧.૧૦ હજાર છે. જેથી બાકાત રહી ગયેલા ખેડૂતો લાભ લઇ શકે તે માટે મુદતમાં વધારો કરવામાં આવતાં ૨૩ ફેબ્રુઆરી સુધીમાં ૧.૪ લાખ ખેડૂતો દ્વારા અરજી કરવામાં આવી છે. આ તમામ ખેડૂત પરિવારોને વાર્ષિક રૂ.૬ હજાર લેખે કુલ રૂપિયા ૬૨.૫ કરોડની સહાય મળશે.

સાબરડેરીની ચૂંટણીમાં વિકાસ પેનલનો ભવ્ય વિજય

હિંમતનગર, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના પશુપાલકોની જીવાદોરી સમાન સાબરડેરીની ૧૬ પૈકી ૪ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીના મતદાન બાદ શનિવારે મતગણતરી સંપન્ન થયા બાદ ચૂંટણીના પરિણામો જાહેર થયા હતા. જેમાં સાબરડેરી કસ્ટોડીયન કમીટી પ્રમુખ જેઠાભાઇ પટેલ તથા સાબરકાંઠા બેન્કના ચેરમેન મહેશભાઇ પટેલ સમર્થીત વિકાસ પેનલના ચારેય ઉમેદવારોનો જંગી બહુમતીથી વિજય થયો હતો.

વિકાસ પેનલના ચારેય ઉમેદવારોએ પોતાના પ્રતિસ્પર્ધી પરિવર્તન પેનલના ઉમેદવારને જંગી મતોથી પરાજીત કરતા સહકારી અગ્રણીઓ અને ટેકેદારોએ વિજેતા ઉમેદવારોને શુભેચ્છાઓ સાથે અભિનંદન આપ્યા હતા. જોકે મતગણતરી દરમિયાન ૯૦૬ પૈકી ૬૯ મતો અમાન્ય ઠર્યા હતા. સાબરડેરીની નિયામક મંડળની ૧૬ પૈકી ૧૨ બેઠકો બિનહરીફ જાહેર કરાઇ હતી. જોકે હિંમતનગર-૧, પ્રાંતિજ, તલોદ અને માલપુર બેઠક માટે સમાધાનની ફોર્મ્યુલાની ગોઠવણી ન થતા સહકારી અગ્રણીઓની દરમ્યાનગીરી બાદ પણ ચૂંટણી યોજાઇ હતી.

૨૨મી ફેબ્રુઆરીએ સાબરડેરીની ૪ બેઠકો માટે યોજાયેલી ચૂંટણી માટે ૯૯.૧૨ ટકાથી વધુ મતદાન થયું હતું. શનિવારે સાબરડેરી ખાતે મતગણતરીની કામગીરી શરૂ થઇ હતી. મતગણતરીના પ્રથમ રાઉન્ડથી વિકાસ પેનલના તમામ ચારેય ઉમેદવારો હરીફ પરિવર્તન પેનલના ઉમેદવારો કરતા આગળ રહ્યા હતા. બીજા રાઉન્ડના અંતે વિકાસ પેનલના ઉમેદવારોની જીત નક્કી થઇ હતી. પરિણામોની જાણકારી મળતા જ સાબરડેરી બહાર ઉભેલા ટેકેદારોએ ફટાકડા ફોડીને જીતને વધાવી લીધી હતી.

બપોરે ૧૨ વાગ્યા સુધી સમગ્ર ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થયું હતું. જેમાં વિકાસ પેનલમાંથી ઉમેદવારી કરતા મણીભાઇ પટેલને સૌથી વધુ ૬૩૨ મતો મળ્યા હતા. જ્યારે પરિવર્તન પેનલના ઉમેદવારો બીપીનભાઇ કાન્તીભાઇ પટેલને સૌથી ઓછા ૨૦૫ મતો મળ્યા હતા. આમ ચૂંટણીના પરિણામો બાદ વિકાસ પેનલના ચારેય ઉમેદવારોને વિજયી જાહેર કરાયા હતા.

સાબરડેરીની ચૂંટણીઓમાં મોટા ભાગની બેઠકો બિનહરીફ કરાવવા માટે કસ્ટોડીયન કમીટીના પ્રમુખ જેઠાભાઇ પટેલ અને સાબરકાંઠા બેન્કના ચેરમેન મહેશભાઇ પટેલે કરેલા સનિષ્ઠ પ્રયાસોને દૂધ ઉત્પાદકોમાં વ્યાપક સમર્થન સાંપડ્યુ હતું. જેના પરિણામ સ્વરૂપે વિકાસ પેનલના તમામ ચારેય ઉમેદવારો જંગી મતોથી વિજેતા જાહેર થયા છે ત્યારે સાબરડેરીમાં નવી ટર્મના ચેરમેન તરીકે જેઠાભાઇ પટેલ પુનઃ સત્તાના સુકાન સંભાળશે તેવી સંભાવનાઓ સહયોગીઓમાં વધી ગઇ છે. જાહેર થયેલા પરિણામો દરમિયાન મોટા ભાગના ડિરેકટરોએ પુનઃ જેઠાભાઇ પટેલના સમર્થનમાં સાબરડેરીનો પશુપાલકોના હિતમાં પારદર્શી વહીવટ સહકારી ક્ષેત્રના માળખાને વધુ સુદઢ અને મજબુત બનાવશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

આઈસીએઆઈની અમદાવાદ બ્રાન્ચનાં વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માટે નવા હોદ્દેદારો

AHMEDABAD BRANCH
OF W.I.R.C. OF THE INSTITUTE OF CHARTERED ACCOUNTANTS OF INDIA
CA. ANJALI CHOKSI
CA. HARIT DHARIWAL
CA. GANESH NADAR
CA. FENIL SHAH

અમદાવાદઃ આઈસીએઆઈની ડબલ્યુઆઈઆરસીની અમદાવાદ બ્રાન્ચનાં વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માટે નવા હોદ્દેદારો ચૂંટાઈ આવ્યા છે.

સીએ ગણેશ નાદાર – ચેરમેન

સીએ ફેનિલ શાહ – વાઈસ ચેરમેન

સીએ હરિત ધારીવાલ – સેક્રેટરી

સીએ અંજલિ ચોક્સી – ટ્રેઝરર

૧૯૬૨માં સ્થપાયેલી અમદાવાદ બ્રાન્ચ ભારતમાં આઈસીએઆઈની બીજા નંબરની સૌથી મોટી બ્રાન્ચ છે, જેમાં ૧૦,૫૦૦થી વધુ મેમ્બર્સ અને ૩૫,૦૦૦થી વધુ સ્ટુડન્ટસ છે. સીએ ગણેશ નાદારે આ પ્રસંગે તમામ મેમ્બર્સ અને મેનેજિંગ કમિટીનાં સાથીઓ પ્રત્યે અમદાવાદ બ્રાન્ચનાં ચેરમેન તરીકે મુકેલા વિશ્વાસ બદલ કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી હતી.

અમદાવાદ બ્રાન્ચનાં ચેરમેન સીએ ગણેશ નાદારે આ પ્રસંગે જણાવ્યું હતું કે, આગામી વર્ષ દરમિયાન નવા પ્રેક્ટીસ એરિયાઝ, તકો, બ્રાન્ડ બિલ્ડીંગ, નેટર્વકિંગ અને નોલેજ શેરીંગ જેવા ક્ષેત્રોમાં પ્રોગ્રામનાં આયોજનમાં ધ્યાન કેન્દ્રિત કરશે.

ઉપરાંત, યુવા મેમ્બર્સ પરત્વે વિશેષ ધ્યાન આપવામાં આવશે, કે જેઓ નવા ઉભરતા પ્રેક્ટીસ એરિયાઝમાં લક્ષ આપી શકે. બ્રાન્ચ દ્વારા વિવિધ રેગ્યુલેટર્સ અને સત્તાધીશો સાથે વધારે વિચાર વિમર્શ હાથ ધરવામાં આવશે, કે જેમાં આઈસીએઆઈનાં રાષ્ટ્રનિર્માણ માટેના હેતુ અને પ્રતિબધ્ધતા વ્યક્ત થઈ શકે. તેમણે ખાતરી આપી હતી કે તેઓ આ વ્યવસાયને નવી ઊંચાઈઓ તરફ લઈ જવા કાર્યરત રહેશે. (૨૨-૧)

હોંગકોંગમાં યોગમાં પ્રથમ ઐતિહાસિક ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ બન્યો

હોંગકોંગ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની યોગ દિવસની પહેલને આગામી સ્તરે લઈ જઈને હોંગકોંગ અને ચીન માટે ભાજપના પ્રવાસી અધ્યક્ષ સોહન ગોયન્કાએ યોગમાં જાપાન ઓક્શન હાઉસ ગિનીઝવર્લ્ડ રેકોર્ડ આયોજિત કર્યો હતો. હોંગકોંગના ઈતિહાસમાં પ્રથમ પ્રકારનો આ રેકોર્ડ, જ્યાં ૧૦૧૧થી વધુ યોગ પ્રેક્ટિશનરે ૨૪ ફેબ્રુઆરીએ હોંગકોંગના સન યાત સેન મેમોરિયલ પાર્કમાં ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ બનાવવા માટે એક જ સ્થાન પર ૩ મિનિટ માટે વીરભદ્રાસન કર્યુ હતું. આ અગાઉનો ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ ૩૮૭ યોગ પ્રેક્ટિશનર્સના નામે હતો. વર્લ્ડ સ્પોટ્ર્સ યોગ ફાઉન્ડેશન, સંચાલક, સોહન ગોયન્કાએ કહ્યું હતું, 'પીએમ નરેન્દ્ર મોદીની પ્રશંસનીય પહેલમાં યોગદાન કરવાનું લક્ષ્ય રાખીને અમે સમગ્ર દુનિયાને યોગની એક્તા લાવવાની શક્તિને સમજાવવા માગીએ છીએ. (૧૯-૮)

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન- અમદાવાદ દ્વારા

પુલવામા શહીદ થનાર જવાનોના પરિવારને ૫૧ લાખની મદદ

અમદાવાદ, જમ્મુ કાશ્મીરના પુલવામાં ભારતીય સેના પર થયેલા આતંકી હુમલામાં શહીદ થનાર વીર જવાનોના પરિવારોના દુઃખમાં ભાગીદાર થવા અને જવાનોના સંતાનોના ઉજવળ ભવિષ્ય માટે "વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - અમદાવાદ"ના ટ્રસ્ટીઓ દ્વારા અત્યાર સુધીમાં ૫૧ લાખની મદદ જાહેર કરવામાં આવી છે. જેમાં ૧૧ લાખ એક જ ટ્રસ્ટી શ્રી શૈલેષભાઈ પટેલ (ભુદરદાસ સેવાનિધી ટ્રસ્ટ) દ્વારા જાહેર કરાવામાં આવ્યા છે.

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના તમામ ટ્રસ્ટીઓ અને પરિવાર શહીદોની શહાદતને વંદન કરે છે. આગળ પણ શહીદોના પરિવારોની જરુરિયાતમાં કે તેમના સંતાનોના ઉજવળ ભવિષ્ય માટે સૌ ટ્રસ્ટીગણ સાથે રહીશે. હજુ પણ ટ્રસ્ટીઓ આ રકમમાં વધારો કરશે. આ સાથે ૨૦મી ફેબુઆરીએ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના ટ્રસ્ટીઓની મળનારી સભામાં શ્રદ્ધાંજલિ અપાશે. આવનાર તારીખ ૪ માર્ચને મહાશિવરાત્રિના દિવસે જગતજનની મા ઉમિયાના વિશ્વકક્ષાના નિર્માણ પામનાર મંદિરનું ભુમિપૂજન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે જાસપુર-અમદાવાદ ખાતે થવા જઇ રહ્યું છે. જેમાં રાજયભરના લાખોની સંખ્યામાં મા ઉમિયાના સંતાનો એકત્રિત થશે અને ૧૧ હજારથી વધુ યજમાનો મહાપૂજા કરી કાર્યને શોભાયમાન બનાવશે.

હુમલાખોરોએ ચાલુ રિક્ષામાંથી કિશોરને બહાર ખેંચી ચપ્પુના ઘા માર્યા

સુરત, પાંડેસરાના ગણપત નગરમાં બાઇક સવાર કેટલાક ઈસમોએ રિક્ષામાં મુસાફરી કરતા એક કિશોરને ચાલુ રિક્ષામાંથી નીચે ઉતારી ઘા મારી નાસી ગયા હતા. વિવેક પર થયેલા હુમલાની જાણ બાદ બચાવવા આવેલા મિત્રોને પણ હુમલાખોરોએ મારવા લેતા ભાગીને જીવ બચાવ્યો હોવાનું જણાવ્યું છે. જોકે, હુમલા પાછળનું કોઈ કારણ બહાર ન આવતા અનેક પ્રશ્નો ઉભા થયા છે. સોની (ઈજાગ્રસ્ત વિવેકનો મિત્ર) એ જણાવ્યું હતું કે, હુમલાખોરો તમામ પાંડેસરા દેવેન્દ્ર નગરના રહેવાસી છે. ગલીના નાકે બેસીને ટપોરીગીરી કરતા રણજીત આણી મંડળીએ વિવેકને પતાવી દેવાના ઈરાદે જ હુમલો કર્યો છે. સંચાખાતામાં નાઈટ કરીને રિક્ષામાં ઘરે આવતા વિવેકને બાઇક સવાર હુમલાખોરોએ કેમ અમારી સામે જોઈ છે કહીં ચાલુ રિક્ષામાંથી ઉતારીને ચપ્પુના ઘા માર્યા હતા.

જિલ્લા સમાજ કલ્યાણ કચેરીનો કર્મચારી ૨૦૦૦ની લાંચ લેતાં ઝડપાયો

ભાભર, બનાસકાંઠા જિલ્લા સમાજ કલ્યાણ કચેરીનો એક કર્મચારી શુક્રવારે ભાભર ખાતે રૂપિયા ૨૦૦૦ની લાંચ લેતાં એસીબી અધિકારીના હાથે ઝડપાઇ ગયો હતો. ભાભર વાવ અને સુઇગામ તાલુકાની તમામ કચેરીઓના રેકર્ડ ઉપર થયેલા કામોની તટસ્થ તપાસ થાય તો અનેક ભ્રષ્ટાચારીઓ જેલમાં જઇ શકે છે.

ભાભર તાલુકા પંચાયત કચેરી આવતા બનાસકાંઠા જિલ્લા સમાજ કલ્યાણ કચેરીના નિરીક્ષક દાનાભાઇ પ્રભાજી ચૌધરીએ એક લાભાર્થીને આંબેડકર આવાસ યોજના અંતર્ગત સહાય મેળવવા માટે જરૂરી સાધનિક કાગળો સાથે અરજી કરેલ હોઈ ફોર્મ આપવા માટે તેની પાસેથી ૧૦૦૦ રૂપિયા લીધેલા. ત્યારબાદ લાભાર્થીને સહાય મળે તે માટે હકારાત્મક અભિપ્રાય આપવા રૂપિયા બે હજારની વધુ માંગણી કરી હતી. જોકે લાભાર્થીને આ નાણાં આપવા ન હોય તેમણે પાલનપુર એસીબીમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે બનાસકાંઠા એસીબી પીઆઇ કે. જે. પટેલે સ્ટાફ સાથે શુક્રવારે છટકું ગોઠવ્યું હતું. અને દાનાભાઇ ચૌધરીને રૂપિયા બે હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપી લીધા હતા.

દહેગામ પંથકમાં સ્વાઇન ફ્લૂનો વધુ એક પોઝિટિવ કેસ

ગાંધીનગર જિલ્લાના તાલુકા અને ગ્રામ્ય વિસ્તારોમાં સ્વાઇન ફ્લૂના પોઝિટિવ દર્દીની સંખ્યા ૨૨ ઉપર પહોંચી છે.

ગાંધીનગર, ગાંધીનગર શહેર અને જિલ્લામાં સ્વાઇન ફ્લૂનો વાવર અટકવાનું નામ લેતો નથી. પ્રતિદિન એકથી વધુ પોઝિટિવ દર્દીઓ સામે આવી રહ્યાં છે. આજે દહેગામના દહેગામના સોજાના મુવાડાની યુવતી સ્વાઇન ફ્લૂમાં સપડાઇ હોવાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેના પગલે જિલ્લા આરોગ્ય તંત્ર દોડતુ થઇ ગયુ છે. આ સાથે ગાંધીનગર જિલ્લાના તાલુકા અને ગ્રામ્ય વિસ્તારોમાં સ્વાઇન ફ્લૂના પોઝિટિવ દર્દીની સંખ્યા ૨૨ ઉપર પહોંચી છે. જ્યારે ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશન વિસ્તારમાં દર્દીનો આંકડો ૧૯ ઉપર નોંધાયો છે. આમ એક પછી એક દર્દીમાં ચિંતાજનક રીતે વધારો થઇ રહ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર દહેગામ તાલુકાના સોજાના મુવાડામાં રહેતી ૨૫ વર્ષની યુવતીનું આરોગ્ય છેલ્લા કેટલાક દિવસથી નાદુરસ્ત હતું. સ્થાનિક તબીબની સારવાર દરમિયાન તેના આરોગ્યમાં કોઇ સુધારો જોવા મળ્યો ન હતો. જેથી તેને અમદાવાદના નરોડા વિસ્તારની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં સારવાર દરમિયાન તેનો સ્વાઇન ફ્લૂનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તે અંગેની જાણ જિલ્લા આરોગ્ય વિભાગને કરવામાં આવતાં સ્થાનિક પીએચસીનો સ્ટાફ ગામમાં દોડતો થઇ ગયો હતો અને સર્વેલન્સની કામગીરી હાથ ધરી હતી. ગાંધીનગર શહેર અને જિલ્લામાં સ્વાઇન ફ્લૂના પોઝિટિવ દર્દીઓની સંખ્યામાં અધધ રીતે વધારો થઇ રહ્યો છે.

ગલ્ફ ઓઈલે મોટાGPમાં ટોચનું સ્થાન મેળવવાનાં ઉદેશ સાથે

પિઆજિઓ ગ્રૂપ સાથે પાર્ટનરશિપ કરીને એડવેન્ચર સ્પોટ્ર્સ પોર્ટફોલિયો મજબૂત કર્યો

અમદાવાદઃ વર્લ્ડ સુપરબાઇક ચેમ્પિયનશિપના ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય મોટરસાયકલ રેસિંગની ટોચની સંસ્થાઓ આઇકોનિક ગલ્ફ બ્રાન્ડ અને એપ્રિલિયા સંયુક્તપણે કામ કરવા બે વર્ષ પછી એકમંચ પર આવી છે, જે ટોચની મોટરબાઈક રેસિંગ મોટોGPમાં એકસાથે પ્રગતિ કરી રહી છે, જે માટે નવી એકથી વધારે વર્ષની ભાગીદારી જવાબદાર છે. આ જોડાણ ગલ્ફ ઓઈલનાં વિવિધ રમતોનાં પોર્ટફોલિયોન મજબૂત કરી રમતગમતને જબરદસ્ત પ્રોત્સાહન આપે છે. ગલ્ફ ઓઈલ એનાં અસરકારક ઉત્પાદનો અન વિવિધ પ્રોડક્ટ પોર્ટફોલિયો માટે જગપ્રસિદ્ધ છે. બ્રાન્ડ વિવિધ રમતોની પહેલોને ટેકો આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, જેમાં માન્ચેસ્ટર યુનાઇટેડ, ચેન્નાઇ સુપર કિંગ્સ અને મોટરસ્પોર્ટમાં ગલ્ફ રેસિંગ સામેલ છે. મોટોGP બ્રાન્ડના ગુણવત્તા, ટકાઉપણુ અને ઉત્સાહના મૂલ્યો પ્રત્યે કટિબદ્ધતાને વ્યક્ત કરે છે. (૧)

ત્રણ યુવાનોને હનીટ્રેપમાં ફસાવી ૧-૧ લાખ માંગનાર ૪ સામે ફરિયાદ

મોરબી, મોરબી પંથકમાં હનીટ્રેપ રૂપિયા કમાવવાનું હાથવગું સાધન બની ગયું છે અને મોરબીમાં હનીટ્રેપ કરી માલદાર લોકોને ફસાવવાની જાણે કે ફેશન બની ગઈ હોય તેમ વધુ એક હનીટ્રેપનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

ICICI Bank
ICICI Bank Limited

તા.૨૬-૦૨-૨૦૧૯ના રોજ છપાયેલી આ નોટીસમાં કેટલીક ભુલો રહી ગઇ હોવાથી તેની જગ્યાએ આ નોટીસ પ્રસિધ્ધ કરાવાઇ રહી છે તેને માન્ય નોટીસ ગણવી

રજિસ્ટર્ડ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર, ચકલી સર્કલ પાસે, જુના પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૦૭, ગુજરાત.
કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા (ઈ), મુંબઈ ૪૦૦ ૦૫૧.
બ્રાન્ચ ઓફીસઃ આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ, સીસીએમજી, હેરીટેઝ ચેમ્બર્સ, રજો માળ, આઝાદ સોસાયટી, નેહરૂ નગર, અમદાવાદ, ગુજરાત - ૩૮૦૦૧૫

માંગણા નોટીસ

ક્રમ નં.	કરજદાર/સહ-કરજદાર/ જામીનદારનું (લોન એકાઉન્ટ નંબર) નામ અને સરનામુ	જામીનમાં મુકેલ /આરક્ષિત મિલકતનું સરનામું	નોટીસ પ્રવાહીકરણની તારીખ
૧	**કરજદારનું નામ :**ધર્મરાજ એક્સપોર્ટ **લોન એકાઉન્ટ નંબર :** ૦૦૨૪૦૫૦૨૩૮૪૦ **કરજદારનું સરનામું :** ૧ સિગ્નેચર, બીએમડબ્લ્યુ શોરૂમ પાસે,, દિવ્યભાસ્કર પાછળ, એસ જી હાઈ-વે, અમદાવાદ, ગુજરાત- ૩૮૦૦૧૫ **ભાગીદારોનું નામ : (૧) રાજેશભાઈ ધીરૂભાઈ ગોન્ડલીયાઃ** સરનામું : ૮૭, શ્રી અંબાવિલા, સુખરામ ઈન્ડ. એસ્ટેટ પાસે, ઉમરગામ, સુરતઃ ૩૯૩૧૩૫. **(૨) પ્રકાશ હરીલાલ બુહાઃ** સરનામું :સી/ઓ નારણભાઈ, એ/૨૭ પંચવટી સોસાયટી, સરથાણા જકાતનાકા, કામરેજ રોડ, સુરત સિટી, વરાચ્છા રોડ, સુરત- ૩૯૫૦૦૬	**વેયરહાઉસ સરનામું :** અતુલ ટ્રેડીંગ કં. ગોડાઉન નેશનલ હાઈ-વે નં.૮, વાવળા ઓવરિબ્રજ પાસે, શક્તિ રાઈસ મિલ પાછળ ત્રિમુર્તિ હોસ્પિટલ પાસે, દારૂણ રોડ બાવળા. **અમલમાં આવવાળી** મિલકત : જીરુ	જાન્યુઆરી ૨૧, ૨૦૧૯ અને ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ પછી

લીકવીડેશન નોટીસમાં વધારે જણાવવાનું કે,૨૧ મી જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ(૨૩ મી જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ મોકલેલી) પેઢીના સરનામા પર અને બીજી નોટીસ તા.૧૪ મી ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ (૧૬ મી ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ મોકલેલી) ધર્મરાજ એકસપોર્ટના ભાગીદારોને.

આઈસીઆઈસીઆઈ બેંક લી (આઈસીઆઈસીઆઈ બેંક)પાસેથી તમે કાર્યકારી મુડી લીધેલી તેના અનુસંધાનમાં જણાવવાનું કે તમે તા.૩ જી ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ વેરહાઉસની રસીદ નાંણાકીય સગવડ માટે તમે લોન સગવડ મેળવી હતી તેનો ફોર્મ નં.૨૭૫૮૫ છે.

તમને જાણ કરવાની કે તમે જે લોનની સગવડ મેળવી હતી તે તમારે આઈસીઆઈસીઆઈ બેંકને ચુકવવાની થાય છે અને તે બાકી છે. કુલ બાકી રકમ રુ ૧,૯૬,૪૧,૭૮૯-(રૂપિયા એક કરોડ છન્નુ લાખ એકતાલીસ હજાર સાતસો નેવ્યાસી પુરા)તા.૧૭ મી જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ મુળ રકમ, તેના પર વ્યાજ ,ચર્જીસ મળીને આ સગવડના સંદર્ભમમાં ચુકવવાના થાય છે. રકમ રૂ.૨,૦૯૪,૬૩૩- (રૂપિયા વીસ લાખ ચોરાણું હજાર છસ્સો તેત્રીસ પુરા) તા.૧૭ મી જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ જમા છે.

તા.૨૧ મી જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ તમને રજીસ્ટર પોસ્ટથી નોટીસ મોકલવામાં આવી છે જે ડીલીવરી કર્યાવગર પાછી આવ્યું છે. ત્યાર બાદ તા.૧૪ મી ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ ધર્મરાજ એકસપોર્ટના ભાગીદારોનો ઘરના સરનામા પર નોટીસ મોકલવામાં આવી છે.

આ પરિસ્થિતમાં તમને જણાવવાનું કે આઈસીઆઈસીઆઈ બેંકની નજીકની શાખા,આઈસીઆઈસીઆઈ બેંક લી. જેઅમસી હાઉસ, પરિમલ ગાર્ડન સામે, ઓફ.સી.જી.રોડ, આંબાવાડી, અમદાવાદ,૩૮૦૦૦૬, ખાતે આ નોટીસ પ્રસિધ્ધ થયાના સાત દિવસની અંદર .બાકી નીકળતી રકમ અને તેના પરનું વ્યાજ તથા ચાર્જ વગેરે જે કરારના દસ્તાવેજોમાં દર્શાવ્યા છે તે મુજબ રૂ.૧,૯૬,૪૧,૭૮૯- (એક કરોડ છન્નુ લાખ એકતાલીસ હજાર સાતસો નેવ્યાસી પુરા)ત આપી જવા જણાવવામાં આવે છે,બાદ જમા રકમ રૂ.૨,૦૯૪,૬૩૩- (રૂ વીસ લાખ ચારાણું હજાર છસ્સો તેત્રીસ પુરા) તા.૧૭ મી જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ .

જો તમે ઉપર જણાવેલ રકમ ચુકવવામાં નિષ્ફળ જશો તો આઈસીઆઈસીઆઈ બેંક તેની બાકી નિકળતી રકમ મુકત કરવા માટે ગીરો મિલકત સામે વેચાણની કાર્યવાહી કરશે. ઉપરોકત સંબંધમાં આઈસીઆઈસીઆઈ બેકને જરુરી કાયદાકીય પગલા લેવાનો હક્ક છે .

સહી/-,
ઓથોરાઈઝડ ઓફિસર
આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ

તારીખ : ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૯
સ્થળ : અમદાવાદ

કેથોલિક સિરીયન બેંક
ધી કેથોલિક સિરીયન બેંક લી.
CSB
(રજીસ્ટર્ડ ઓફિસ : થ્રિસુર)
ઝોનલ ઓફિસ, જોલી મેકર્સ ચેમ્બર્સ II, ૪થો માળ, વિનય કે શાહ માર્ગ, નરીમન પોઈન્ટ,
મુમ્બઈ-૨૧ ફોન : ૦૨૨-૨૨૮૨૧૬૩૬ ઈ-મેલ : mumbaizone@csb.co.in
CIN : U65191KL1920PLC000175

હરાજી વેચાણ નોટિસ

સિક્યોરિટીઝાઈશન અને રિકન્સ્ટ્રક્સન ઓફ ફાયનેન્સીયલ એસેટ એન્ડ એન્ફોર્સમેંટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (સરફેસી એક્ટ) હેઠળ બેંક ના તાબામાં રહેલ સિક્યોર્ડ એસેટનું વેચાણ

જે હોય તે નીચે જણાવેલ વ્યક્તિઓએ ધ કેથોલિક સિરીયન બેંક લી. , અમદાવાદ શાખામાં થી પૈસા લીધા છે, તેની ઉપર વ્યાજ, કિંમત અને અન્ય ખર્ચ જે નીચે તેમની સામે આપેલા છે. બેંકે કાયદા હેઠળ નોટીસ આપેલ છે. અને સત્તાવાર અધિકારીએ ગિરો મિલકતનો કબ્જો લીધેલ છે, સિક્યુરીટી ઈન્ટરેસ્ટ(એન્ફોર્સમેંટ), નિયમ ૨૦૦૨ હેઠળ નિયમ ૭,૮ અને ૯ મુજબ આ મિલકત વેચવાનો નિર્ણય કરેલો છે. તેના માટે જાહેર જનતા થી ટેન્ડર મંગાવવાના છે.સલામત લેણદાર ને કાયદા મુજબ કબ્જે લીધેલ મિલકત જ્યાં સુધી લેણું પુરુ ના થાય ત્યાં સુદી વેચાણ કરવાનો અધિકાર છે. આ કાયદા મુજબ સત્તાવાર અધિકારી નીચે જણાવેલ મિલકત જાહેર જનતા પાસે થી ટેન્ડર મંગાવી હરાજી કરવા માંગે છે.

સેક્યુર્ડ ક્રેડીએટરનું નામ અને સરનામું	ધ કેથોલિક સિરીયન બેંક લી. અમદાવાદ બ્રાન્ચ
કરજદારો અને જામીનદારો નું નામ સરનામું	૧. સ્વાસ્તિષ્ક પોલીફલેક્ષ ઇંડિયા પ્રા. લી., બ્લોક ઈ, શોપ નં. જી.એફ.૪૮, સહજાનન્દ એવેન્યુ, ટોરેન્ટ પાવર લી. પાસે, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩. ૨. શ્રી સંદીપકુમાર શ્રીપાલ જૈન,લેન નં. ૧૯, પ્લોટ નં. ૪૧૯, સત્યાગ્રહ છાવણી, ભાવ નિર્ઝર ટેમ્પલ પાછળ, સેટેલાઇટ , અમદાવાદ- ૩૮૦૦૧૫. ૩. શ્રીમતી વર્ષા સંદીપ કુમાર જૈન, લેન નં.૧૯, પ્લોટ નં. ૪૧૯, સત્યાગ્રહ છાવણી, ભાવ નિર્ઝર ટેમ્પલ પાછળ,સેટેલાઇટ, અમદાવાદ- ૩૮૦૦૧૫.
૦૭.૦૨. ૨૦૧૯ ના દિવસે કુળ દેય	રૂા. ૬,૪૨,૬૪,૨૩૭/- (રૂપિયા છ કરોડબેતાલીસ લાખ ચૌસઠ હજાર બસો સાડત્રીસ પુરા)
હરાજીની તારીખ અને સમય	૩૦.૦૩.૨૦૧૯ ના રોજ ૧૧.૩૦ ક્લાકે ધ કેથેલિક સિરીયન બેંક લી., ગ્રાઉન્ડ ફલોર, શતદલ કોમ્પ્લેક્ષ, બાટા શોરૂમની સામે, ટાઇમ્સ ઓફ ઇંડિયા ચાર રાસ્તા, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.

સિક્યોર્ડ એસેટ્સ ની વિગત

શિડ્યુલ એ- હોઇપોથિકેશન ઓફ પ્લાન્ટ અને મશીનરી તથા અન્ય ચલાયમાન એસેટ્સ જે નીચે મુજબ
૧) ક્ષતિગ્રસ્ત-એલ/ટી પ્લાસ્ટીક ઈન્જેક્શન મોલ્ડીંગ મશીન મોડલ ડીટી-૧૮૦-૯૦૦ એલએનસી-૫,૨૦૦૭ બનાવટ ૫/એનએલટી૧-૧૮૦૦૪૦૯- ૩૦કેવી પાવર- સંખ્યા-૧
૨) ક્ષતિગ્રસ્ત-એલ/ટી પ્લાસ્ટીક ઈન્જેક્શન મોલડીંગ મશીન મોડલ ડીટી-૨૦૦-૧૪૦૦ એલએનસી-૫,૨૦૦૭ બનાવટચ-૫એન/એલટી૧-૨૦૦૦૧૦૯-૩૦ કેવી પાવર- સંખ્યા ૧
૩) શ્યામ પ્લાસ્ટીક ઈન્ડ બનાવટ ૮ લી. જાર કેપિસિટી બ્લો મોલ્ડીંગ મશીન સાથે હોઇડ્રોલિક પાવર પેક ૩ એચપી મોટર સાથે પ્રિ ફ્રેમ સેટ અને એઅર કંટ્રોલ યુનિટ૨૦૦૭ બનાવટ- ૬ સેટ્સ
૪) કુલિંગ ટાવર એફઆરપી વરૂણ મેક ૨ એચપી મોટર-૨૦૦૭ મેક એમડી- ૬૦ મોડલ- સંખ્યા ૦૧.
૫) કોમ્પ્રેસર રિસીવિંગ ટેંક૨૦૦૭ મેક- સંખ્યા ૨
૬) એઅર કોમ્પ્રેસર આઈઆર મોડલ ૧૫૧ ૩ એચપી ડબલ હેડ૫/એન ૭૦૬૧૬૫૬- સંખ્યા૧
૭)ચિલર પ્લાન્ટ માઈક્રો ટેક નું કોમ્પ્રેસર મોડલ ૦૧૫ ટીએચ એસએન- ૨૭૦૪૨૦૧૭, આઈઆર- ૧૫ ટીર એઅરકોમ્પ્સેર એસએમ ૭૦૬૩૮૪૮-૭૦૬૩૮૪૭-૭૦૬૩૮૫૦- સંખ્યા-૪ નંગ.
૮) પ્રસાદ ચિલર જીડબ્લ્યુકે કુલટેક એસ/એન ૪૬૮/૦૨/૨૦૧૪ વેકો- ૫૦એલ ૨૪ કેડ્બ્લ્યુ એનર્જી ૫૦ કેડ્બ્લ્યુ કૂલિંગ કેપિસીટી એટ્૩૦ ડિગ્રી- સંખ્યા ૧
પ્રસાદ ચિલર જીડબ્લ્યુકે કુલટેક એસ/એન ૫૭૧/૦૨/૨૦૧૪ વેકો- ૩૦એલ ૧૭ કેડ્બ્લ્યુ એનર્જી ૩૩.૨ કેડ્બ્લ્યુ કૂલિંગ કેપિસીટી એટ્૩૦ ડિગ્રી- સંખ્યા ૧
૯) એચડીપીઈ બ્લેક ટેંક નર્મદામેક ૧૦૦૦ લી. કેપિસિટી- સંખ્યા ૧
૧૦) જુના ચિલર ડેસમેન્ટેડ કંડીશન સોહમ ટેક્નોલોઝીસ- ૨૦ કેડ્બ્લુ એનર્જી જુના અને સ્ક્રેપ કંડીશનમાં -સંખ્યા ૨
૧૧) શ્રીજી મેકર એમટી ક્રેઇન મોટરીશેડ સાથે સ્ટ્રક્ચર- સંખ્યા ૧
૧૨) પ્લાસ્ટીક્સ પ્લાન્ટ ૧ યલો બ્લ્યુકલર્સ- લગભગ ૧૦૦ નંગ
૧૩) મટીરિયલ હેડલીંગ મેન્યુઅલ પેલેટ ટ્રક- સંખ્યા ૨
૧૪) પ્લાસ્ટીક ક્રેટ્સ બ્લ્યુ કલર્સ- ૪૦ નંગ
૧૫) ટોપ લોડર ટેસ્ટર ફોર મેકેનીકલ કોમ્પ્રેસર સ્ટ્રેન્થ ટેસ્ટ- સંખ્યા ૧
૧૬) વિવિધ મોલ્ડ્સ માટે પ્રિ ફોર્મસ(૬ સેટ) કેપ મોલ્ડ (૫ સેટ) બ્લો મોલ્ડ્સ ૧૦ નંગ અને અન્ય વિવિધ ટોલ્ડ વગેરે- ૨૧ સેટ્સ
શિડ્યુલ બી- ગિરો મિલકતનો વિવરણ
ગિરો મિલકતના તમામ ભાગ હિસ્સો ફેક્ટ્રી લેન્ડ માપ લગભગ ૬૯૩૮ સ્કેવર મી. ઓફ લેન્ડ અને બિલ્ડિંગ ઈન્ડસ્ટ્રીયલ શેડ જે સ્થિત એટ્ ૧૯૩ પૈકી ઘનશ્યામ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ગામ વાસણા, લિયાવા, ભાગ્યોદય હોટલ સામે,સાણંદ વિરમગામ રોડ, તાલુકો- સાણંદ, જિલ્લો અમદાવાદ જેના માલિક મેસર્સ સ્વાસ્તિષ્ક પોલીફ્લેક્ષ (ઇંડયા) પ્રા. લી. જે વેચાણ કરાર નં. ૭૦૪૫/૨૦૧૩ તારીખ ૧૯.૧૧.૨૦૧૩ ના એસઆરઓ સાણંદમાં છે તેની ચારે બાજુ
ઉત્તરે : સર્વે નં. ૧૯૩/પી
દક્ષિણે : રાજદીપ અને જયરામ કોરોબોક્સ ની ફેક્ટ્રી
પુર્વે : ઈન્ટરનલ રોડ અને ઘનશ્યામ એસેટ્ટે
પશ્ચિમે : બોન બિસ્કીટ અને પ્રિયંકા કાર્બન ફેક્ટ્રી

આરક્ષિત પ્રાઇઝ	**રૂા. ૪,૦૦,૦૦,૦૦૦/- (ચાર કરોડ પુરા)**
અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી)	**રૂા. ૪૦,૦૦,૦૦૦/- (ચાર લાખ પુરા)**

શરતો અને નીયમો

૧ ઈચ્છુકબીડરે તેમના બીડ ચોક્કસ ટેન્ડર ફોર્મમાં સીલ બંધ કવરમાં અને ઉપર સેલ એકાઉન્ટ મેસર્સ સ્વસ્તીક પોલીફલેકસ ઈન્ડીયા પ્રા. લી. તેની સાથે અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) ડીમાનડ ડ્રાફ્ટ- બેંકર્સ ચેક ઘ કેતલીક સીરીયનબેંક લી. અમદાવાદની તરફેણમાં જે મૂંબઈ ખાતે ચુકવવા પાત્ર થાય તે રીતે આપવો તા. ૨૯-૦૩-૨૦૧૯ પહેલા કામના કલાકો દરમ્યાન સીનીયર મેનેજર ઘ કેથેલીક સીરીયન બેંક લી અમદાવાદ શાખા ને આપવો ડીડી નંબર, તારીખ અને બેંકનું નામ કવર ઉપર લખવુ.ટેન્ડર ફોર્મ અને સતા આપતો પત્ર બેંકના સીનીયર મેનેજર પાસે થી ઘ કેથેલીકસીરીયન બેંકલી. અમદાવાદ શાખા પાસેથી તા. ૨૯-૦૩-૨૦૧૯ પહેલા કામ ના કલાકો દરમ્યાન મેળવી લેવા. ઈએમડી. જો બીડ સફળ નહી થાય તો પરત મળશે સૌથી ઉંચી બોલી બોલનારનું વેચાણ નક્કીથયા પછી કોઈપણ પ્રકારે નિયમો અને શરતો પાળવા માં નિષ્ફળ જશે તો અગાઉ કોઈપણ નોટીસ આપ્યા વિના ઈએમડીની રકમ જમા થઈ જશે.
૨. ઈચ્છુક ખરીદનારે ટેન્ડર ફોર્મની સાથે આઈ ટી વિભાગે આપેલા પાન કાર્ડ ની કોપી, તે અથવા તેણીએ ઓળખનો પુરાવો અને રહેણાંકનો પુરાવો આપવાનો રહેશે.
૩. સીલ ટેન્ડર તા.૩૦-૦૩-૨૦૧૯ ના રોજ સવારે ૧૧-૩૦ વાગે સતાવાર અધિકારી મારફતે અરજદાર અથવા તેના પ્રતિનિધિની હાજરી માં ખોલવામાં આવશે.
૪.બેંકની સ્વીકૃતિ બાહર જ વેચાણ માન્ય ગણાશે ગીરો મીલકત અનામતકિમંતછી નીચે વેચાણ આવશે નહી.
૫. સફળ થનાર બીડરે(અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ સાથે) બીડરકમના ૨૫ટકા રકમ જમા કરાવવીપડશે જયારેવેચાણ તમારી તરફેણમાં નક્કી થાય ત્યારના બીજા કામના દિવસદરમ્યાન બાકીની રકમ વેચાણની સ્વીકૃતિ મળે તેના પંદર દિવસની અંદર અને સરફેશી એકટ૨૦૦૨માં જોગવાઈ મૂજબ યોગ્યસમય ગાળો વધારાય તો તે મૂજબ ચૂકવવાની રહેશેરકમ ઘ કેથીલીક સીરીયન બેંક લી. અમદાવાદને ચૂકવવા પાત્ર થાય તે રીતે ડીમાન્ડ ડ્રાફટ મારફતે ચૂકવવાની રહેશે.જો આ રકમ ચૂકવવામાં નિષ્ફળજો તો કોઈપણએગાઉથી નોટીસ આપ્યા વગરલખાય રકમ જમા થઈ જશે.
૬. સફળ થનાર બીડરે જે કોઈ ખર્ચ જેમકે સ્ટેમ્પ ડ્યુટી, રજીસ્ટ્રેશન ફી અને કાયદાકીયખર્ચ ચાર્જવગેરે અને આઈટી વિભાગની જોગવાઈ મૂજબરકમ ચુકવવાની રહેશે કોઈ પણ પ્રકારના ખર્ચ ,દબાણ, લીયન, મીલકત વેરો, સરકારી કે કોઈપણ સંસ્થાનું દેવુ ચૂકવવા બેંક જવાબદાર રહેશે નહી. મીલકત જયાં છેતેની અને જે છેતે સ્થિતિમાં વેચવાની છે કાયદાકીયજવાબદારીઓ, દબાણ કે વોરેટીના કે કોઈ પ્રતિનિધિને માટે જવાબદાર વ્યકિતેએતેમની જોતે ટાબ્ટલ, માલીકી હક્ક,કાયદાકીય મંજુરી અને કોઈપણદબાણ માટે પોતાની જાતે વેચાણની કાર્યવાહી થાય તે પહેલા ચૂકવણુ ચાર્જ તમામ તપાસ કરી લેવીસ્થાવરમીલકતનું વર્ણન અનેઉપરઆપી છે તેને સફળ થનાર ખરીદનારે પોતેની જવાબદારી જેવી કે કોઈ નુકશાન થાય જેમકે આગ આગ લાગે ચોરી થાય કે કોઈ આકસ્મીક બનાવ બને તો સતાવાર અધિકારી વેચાણને અધિકૃત કરે ત્યારબાદ સઘણી જવાબદારી ખરીદનારની રહેશે કોઈપણ પ્રકારે વાર્ષિક વેચાણની 'કાર્યવાહીમાં સફળ થનાર બીડ લાયક ગણાશે નહી.
૭. તા. ૨૯-૦૩-૨૦૧૯ પહેલા કોઈપણ કામના દિવસે બપોરેના ૨થી સાંજના ૫ વાગ્યા દરમ્યાન મીલકતનું નીરીક્ષણ કરી શકાશે. તેના માટે અગાઉથી મુલાકાતનો સમય મેળવી લેવો.ઈચ્છુક ખરીદનારે ઘ કેથલીક સીરીયન બેંક અમદાવાદ શાખાના મેનેજરનો નિરીક્ષમ કરતા પહેલા સંપર્ક કરવો.
૮ કરજદાર, જામીનદારને જાણ કરવાની કે આ કાયદાની કલમ ૮ અને અનુચ્છેદ ૧૩ મુજબ ગીરો મિલકત છોડાવવાનો સમય આપવામાં આવે છે.બાકી નીકળતી રકમ ,ચાર્જ,ખર્ચ અન્ય કોસ્ટ વેચાણની તારીખ પહેલા અથવા ફેરબદલ થાય તે પહેલા ચુકવી શકે છે. ગીરો મિલકત વેચી શકાશે નહી કે કોઇને તબદીલ કરી શકાશે નહી.
૯ આ નોટીસ કરજદાર અને જામીનદારો તથા સામાન્ય જનતાને આ નોટીસની જાણ કરવામાં આવે છે કોઇ પણ પુર્વગ્રહ વિના સલામત લેણદારને મળેલા હક્કના અનુસંધાનમાં આ નોટીસ આપવામાં આવે છે.

વધુ માહીતી માટે સંપર્ક-૦૭૯-૨૬૫૮૫૯૩૦,૭૦૧૬૫૩૫૪૬૧

સહિ-
સત્તવાર અધિકારી
ઘ કેથલીક સીરીયન બેંક લી.

તારીખ-૨૬-૦૨-૨૦૧૯
સ્થળ-અમદાવાદ